શેઠ ચીમનલાલ
નગીનદાસ
વિદ્યાવિહાર

तस्य भासा विभाति

# સંનિધિ

વર્ષ: ૧૫, અંક:૪૨, માર્ચ-૨૦૨૬, શેઠ ચી. ન. વિદ્યાવિહાર, આંબાવાડી, અમદાવાદ-૬. ફોન:26463511, 26463696
ઈ-મેઈલ: cndirectorsoffice@cnvidyavihar.edu.in – વેબસાઈટ: www.cnvidyavihar.edu.in

## શેઠ ચી. ન. વિદ્યાવિહાર એટલે 'ભાષા, સંસ્કૃતિ અને સાહિત્યનો સમન્વય'

અમદાવાદના હૃદયસમા આંબાવાડી વિસ્તારમાં આવેલી શેઠ ચીમનલાલ નગીનદાસ (ચી. ન.) વિદ્યાવિહાર માત્ર એક શૈક્ષણિક સંસ્થા નથી, પણ તે ગુજરાતની અસ્મિતા, સંસ્કાર અને સાહિત્યિક ચેતનાનું જીવંત પ્રતીક છે. ૧૯૧૨માં સ્થપાયેલી આ સંસ્થાએ દાયકાઓથી શિક્ષણની સાથેસાથે ભાષા અને સંસ્કૃતિનું જે જતન કર્યું છે, તે અનન્ય છે.

ચાલો, વિદ્યાવિહારને 'ભાષા, સંસ્કૃતિ અને સાહિત્યના સમન્વય' તરીકે નિહાળીએ .

### ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને ગાંધીવાદી આદર્શો:

ચી. ન. વિદ્યાવિહારની સ્થાપના પાછળ શેઠ ચીમનલાલ નગીનદાસ અને તેમના પરિવારની ઉમદા ભાવના રહેલી હતી. મહાત્મા ગાંધીના વિચારોથી પ્રભાવિત આ સંસ્થાએ હંમેશાં 'સા વિદ્યા યા વિમુક્તયે'ના મંત્રને સાર્થક કર્યો છે. અહીં શિક્ષણનો અર્થ માત્ર ડિગ્રી મેળવવી નથી, પરંતુ એક સંપૂર્ણ મનુષ્યનું ઘડતર કરવાનો છે.

સંસ્થાના પ્રાંગણમાં પ્રવેશતા જ ત્યાંની શાંતિ, સાદગી અને કુદરતી વાતાવરણ આપણને રવીન્દ્રનાથ ટાગોરના શાંતિનિકેતનની યાદ અપાવે છે. અહીંની ઈમારતોમાં રહેલી સ્થાપત્યકલા પણ ગુજરાતી સંસ્કૃતિની ઝાંખી કરાવે છે.

### માતૃભાષાનું જતન અને સાહિત્યિક વારસો:

ચી. ન. વિદ્યાવિહારનું સૌથી મોટું પ્રદાન જો કોઈ હોય, તો તે ગુજરાતી ભાષા પ્રત્યેનો તેનો અતૂટ પ્રેમ છે.

- **ભાષાભિમુખ શિક્ષણ:** જ્યારે અંગ્રેજી માધ્યમનો ક્રેઝ વધી રહ્યો છે, ત્યારે ચી. ન. વિદ્યાવિહારે માતૃભાષા દ્વારા શિક્ષણ આપીને સાબિત કર્યું છે કે મૌલિક વિચારો માત્ર પોતાની ભાષામાં જ ખીલી શકે છે.
- **સાહિત્યિક પ્રવૃત્તિઓ:** વિદ્યાવિહારના પરિસરમાં અનેક નામાંકિત સાહિત્યકારો, કવિઓ અને ચિંતકોએ પોતાની સેવાઓ આપી છે. અહીં નિયમિતપણે સાહિત્યસભાઓ, વ્યાખ્યાનમાળાઓ અને તેને પોષક સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે, જે વિદ્યાર્થીઓમાં વાંચન અને લેખનનો શોખ જગાડે છે.
- **પુસ્તકાલય:** સંસ્થાનું સમૃદ્ધ પુસ્તકાલય દુર્લભ હસ્તપ્રતો અને શ્રેષ્ઠ ગુજરાતી-ભારતીય સાહિત્યનો ખજાનો ધરાવે છે.

### કલા અને સંસ્કૃતિનો સંગમ:

વિદ્યાવિહાર એટલે માત્ર પાઠ્યપુસ્તકોનું જ્ઞાન નહીં, પણ કલાની આરાધના. અહીંની 'ચી.ન. કલામહાવિદ્યાલય' એ આખા ગુજરાતમાં કલા શિક્ષણ માટેનું કેન્દ્રસ્થાન છે.

- **ચિત્રકલા અને શિલ્પકલા:** ગુજરાતના સુપ્રસિદ્ધ કલાકારો આ સંસ્થાની દેન છે. સંસ્કૃતિના મૂલ્યોને રંગો અને આકારો દ્વારા અભિવ્યક્ત કરવાનું કામ અહીં સુંદર રીતે થાય છે.
- **સંગીત અને નૃત્ય:** ભારતીય શાસ્ત્રીય સંગીત અને લોકનૃત્યોના માધ્યમથી વિદ્યાર્થીઓને પોતાની સંસ્કૃતિ સાથે જોડવામાં આવે છે. નવરાત્રી હોય કે વાર્ષિક મહોત્સવ, અહીંની ઉજવણીમાં હંમેશાં શાલીનતા અને સાંસ્કૃતિક ગરિમા જોવા મળે છે.

### મૂલ્યનિષ્ઠ જીવનશૈલી અને સાદગી:

ચી. ન. વિદ્યાવિહારના સંસ્કારધામમાં 'સાદગી' એ જ એની ઓળખ છે.

### રાષ્ટ્રીય શિક્ષણ અને ચરિત્ર નિર્માણ:

આ સંસ્થાએ ક્યારેય શિક્ષણને વ્યવસાય માન્યો નથી. સંસ્કૃતિ ત્યારે જ ટકે જ્યારે વ્યક્તિનું ચરિત્ર શુદ્ધ હોય.

- **રમતગમત:** વ્યાયામશાળા અને વિશાળ મેદાનોમાં વિદ્યાર્થીઓનું શારીરિક સૌષ્ઠવ અને ખેલદિલીની ભાવના કેળવાય છે.
- **શિસ્ત:** સ્વયંશિસ્ત એ અહીંના શિક્ષણનું મુખ્ય અંગ છે.

### આધુનિકતા અને પરંપરાનો સમન્વય:

ચી. ન. વિદ્યાવિહાર જૂના વિચારોમાં જકડાયેલી સંસ્થા નથી, પરંતુ તે પરંપરાના પાયા પર આધુનિકતાની ઈમારત ચણે છે. વિજ્ઞાન, ટેક્નોલોજી અને આધુનિક શિક્ષણ પદ્ધતિઓને સ્વીકારવાની સાથેસાથે તે પોતાના મૂળિયા (સંસ્કૃતિ) ને ક્યારેય વિસરતી નથી. આ જ કારણ છે કે અહીંથી ભણીને બહાર નીકળતો વિદ્યાર્થી વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા સક્ષમ હોય છે, છતાં તેનામાં ભારતીયતાના સંસ્કારો અકબંધ હોય છે.


શેઠ ચી. ન. વિદ્યાવિહાર એ માત્ર ઈંટો અને પથ્થરની ઈમારત નથી, પણ ગુજરાતની સાંસ્કૃતિક અને સાહિત્યિક ચેતનાનું જીવંત હૃદય છે. ભાષા પ્રત્યેની મમતા, સંસ્કૃતિ પ્રત્યેનો આદર અને સાહિત્ય પ્રત્યેની રુચિનો આવો ત્રિવેણી સંગમ અન્યત્ર ભાગ્યે જ જોવા મળે છે. 'આ સમજવા માટે ચી. ન. વિદ્યાવિહારના પરિસરમાં એક આંટો મારવો પૂરતો છે.

આ સંસ્થા આવનારી પેઢીઓ માટે પણ જ્ઞાન અને સંસ્કારનું જ્યોતિર્ધર બની રહેશે એમાં કોઈ શંકા નથી.

**ડૉ. વૈશાલી શાહ**
નિયામક, શેઠ ચી.ન.વિદ્યાવિહાર

**પ્રકાશક:- ડૉ. વૈશાલી શાહ**
**સંપાદક મંડળ:- બિમલ રાવલ, ડૉ. ભગવાન પટેલ, હિતેન્દ્ર ત્રિવેદી, હેતલ મહેતા, તૃપ્તિ રાવલ.**

# વિદ્યાવિહારનું ગૌરવ



**શ્રી સુનિલ તલાટી (૧૯૬૭ની બેચ)**

પ્રિય મિત્રો, આદરણીય ગુરુજનો અને મારો પ્રિય સી.એન. પરિવાર, આજે અહીં આપની સમક્ષ મારી જીવનયાત્રા તમારી સાથે વહેંચવાનો જે અવસર મને મળ્યો છે, તે મારા માટે અત્યંત ગૌરવ અને ભાવનાની ક્ષણ છે.

મારો જન્મ ૨૩ જુલાઈ, ૧૯૫૧ના રોજ થયો. હું અમદાવાદના પાલડી વિસ્તારમાં લક્ષ્મી નિવાસ સોસાયટીમાં ઉછર્યો. મારા પિતાશ્રી એચ. એમ. તલાટી પ્રખ્યાત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હતા. પરંતુ નાનપણથી તેઓ બહુ જ સાદાઈભર્યું જીવન જીવતા. માસિક સો રૂપિયાના ભાડાના ઘરમાં તેઓએ તેમના લગ્ન થયા ત્યાં સુધી જીવન વિતાવ્યું.

મારૂ પ્રાથમિક શિક્ષણ ધોરણ-૨ સુધી શારદા મંદિરમાં અને ત્યાર પછી ૮મા ધોરણ સુધી સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં અભ્યાસ કર્યો. પરંતુ શાળાના અભ્યાસમાં સૌથી અગત્યના જે ત્રણ વર્ષ ગણાય, ધોરણ ૯, ૧૦ અને ૧૧માં મે સી.એન. વિદ્યાલયમાંથી અભ્યાસ કર્યો.

પ્રથમ જ વર્ષે હું સી.એન.વિદ્યાલયમાં વર્ગમંત્રી તરીકે ચૂંટાયો. બીજા વર્ષે મહામંત્રી પદ માટે ઊભો રહ્યો, પરંતુ એ ચૂંટણીમાં મારા મિત્રનો વિજય થયો, પરંતુ એ પરાજય મને જીવનમાં ઘણું શીખવી ગયો કે હાર એ અંત નથી, તે નવી શરૂઆત છે. કદાચ એ જ કારણ છે કે ત્યારબાદ જીવનમાં હું કોઈ ચૂંટણી હાર્યો નથી.

૧૯૬૭માં સી.એન. માં ૧૧મા ધોરણમા પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થયા પછી એચ. એલ. કોલેજમાં ૪ વર્ષ બી.કોમ.નો અભ્યાસ કર્યો, એ દરમ્યાન અભ્યાસ સાથે રમતગમતમાં પણ સક્રિય રહ્યો જેમ કે બેડમિન્ટન, સ્વિમિંગ અને ટેનિસમાં ચેમ્પિયન બનવાનો મોકો મળ્યો. ૧૯૭૧માં બી. કોમ. પાસ થયા પછી મુંબઈમાં ચાર વર્ષ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની આર્ટીકલશીપની ટ્રેનિંગ લીધી, મારા પિતાશ્રી પાસે એ જમાનામાં પણ ચાર ગાડીઓ હોવા છતા હું બસમાં અને ટ્રેનમાં મુસાફરી કરીને ચારે તરફ ઓડિટ કરવા જતો પરંતુ એજ મારી અદ્ભૂત અને ખૂબ જ જરૂરી જીવનલક્ષી ટ્રેનીંગ હતી.

૧૯૭૬માં સી.એ. થયા પછી અમેરિકા ગયો એ આશાએ કે અમેરિકામા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને સારો પગાર મળે પરંતુ અંતરમાં ભારત અને પરિવારનો ખેંચાવ વધુ મજબૂત હતો. પરત આવી પિતાશ્રીની ધીગતી પ્રેક્ટિસ ફર્મમાં જોડાવાના બદલે ફક્ત ૫૦૦ સ્ક્વેર ફૂટની નાની ઓફિસથી ''તલાટી એન્ડ તલાટી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ'' ની શરૂઆત કરી. ધીરેધીરે આ પ્રેક્ટિસ ડેવલપ થઈ અને આજે એ જ જગ્યા પર ૧૨,૦૦૦ સ્ક્વેર ફૂટમાં અમારી ઓફિસ કાર્યરત છે અને અમદાવાદ ઉપરાંત સુરત, મુંબઈ, દિલ્હી અને કોચીનમાં શાખાઓ છે. આ સફર એક દિવસમાં નહીં, પરંતુ વિશ્વાસ, મહેનત અને ટીમના સહકારથી શક્ય બની.

મારી જીંદગી જેટલી ઝળહળતી શૈક્ષણિક કારકિર્દી અને વ્યાવસાયિક કારકિર્દી હેઠળ હતી તેટલી શારીરિક રીતે નહોતી ૧૯૯૫મા મારી બંને કિડની ફેઇલ થઈ, નડીઆદમાં સૌથી પ્રખ્યાત હોસ્પિટલમા બતાવ્યું તો ડોક્ટરે નિદાન કર્યું કે કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ કરવું પડશે, કિડનીનો ડોનર શોધવો પડશે અને પ્રેક્ટિસ બંધ કરવી પડશે. પરંતુ નાસીપાસ થયા વગર મે પરદેશમાં ટ્રીટમેંટ લીધી અને અઢી વર્ષ સુધી સ્ટેરોઇડ લીધા બાદ હું આ મહા-તકલીફ વાળી કિડની બદલાવાની પ્રક્રિયા માંથી બચી શક્યો ,પરંતુ તે ઓછું હોય તેમ બીજા જ વર્ષે મને આંખની ગંભીર તકલીફ ઊભી થઈ મને દેખાતું ઓછું થયું અને આજુ બાજુ તેમજ ઉપર નીચે દેખાતું બંધ થઈ ગયુ, ગાડી ચલાવતા અકસ્માત થયા, ચાલતા પણ ઘણી તકલીફ પડી. ભારતમાં ડોકટરને બતાવ્યું તો કહ્યું કે ટૂંક સમયમા સંપૂર્ણ દ્રષ્ટિ ગુમાવશો અને ચક્ષુહીન થવાની સંભાવના છે.

ફરી નાસીપાસ થયા વગર પરદેશમા બતાવ્યુ અને ત્યાં જ સારવાર કરાવી અને તેનાથી પણ વધારે એ વખતે પરમ પૂજ્ય શ્રી પ્રમુખ સ્વામીના આશીર્વાદ મળ્યા કે જીવશો ત્યાં સુધી જોઈ શકશો ચિંતા ના કરો તમે દ્રષ્ટિ નહીં ગુમાવો. તે આશીર્વાદથી હું આજે પણ ૪૦ % દ્રષ્ટિથી જોઈ શકુ છું મારા માટે આ માત્ર તબીબી ચમત્કાર નથી, પરંતુ શ્રદ્ધા અને સંકલ્પની જીત છે.

મને ગૌરવ છે કે હું ગુજરાતમાંથી સમગ્ર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની મધ્યસ્થ એવી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયાનો ગુજરાતમાંથી પ્રથમ પ્રમુખ તરીકે ચૂંટાયો તે ઉપરાંત સર્વિસ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલનો ચેરમેન બનવાનો અવસર પણ મળ્યો, પણ વધુ આનંદ મને એ વાતનો છે કે મારી સાથે ૫૦૦થી વધુ લોકોની ટીમ આજે કાર્યરત છે અને આજે પણ મોટી મોટી કંપની અને બેન્કોના અમે ઓડિટ કરીએ છીએ અને અમે સૌ મળીને આગળ વધી રહ્યા છીએ.

મારા જીવનની સૌથી ગર્વભરી ક્ષણ ત્યારે આવી જ્યારે મારા પુત્ર શ્રી અનિકેત તલાટી પણ ઝળહળતી કારકિર્દી સાથે સી. એ. થયા અને ફક્ત ૩૫ વર્ષની ઉંમરે ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયાના તેઓ ગુજરાતમાંથી બીજા અને ભારતમાંથી સૌથી યુવાન પ્રમુખ તરીકે ચુંટાઇ આવ્યા.

વ્યવસાય સાથે સમાજ પ્રતિ આપણી જવાબદારી પણ એટલી જ મહત્વપૂર્ણ છે. ''તલાટી ચેરિટીઝ'' દ્વારા પછાત વિદ્યાર્થીઓ માટે લાઇબ્રેરી, વૃદ્ધાશ્રમ અને ગૌશાળામાં સહાય આ બધું કરવાનું સુખ અલગ જ છે.

સી.એન. વિદ્યાલય મારા માટે માત્ર શાળા નથી એ મારા જીવનનો પાયો છે. જ્યારે જ્યારે સી.એન. શાળાએ હાકલ કરી છે, ત્યારે મેં હંમેશા સેવા આપવા પ્રયત્ન કર્યો છે.

આભાર.

**સુનિલ તલાટી**

# ડૉ. જસવંત મોદીનું સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિરમાં સન્માન

**તા:૧૭.૧.૨૦૨૬**



વિદ્યાવિહારના શુભેચ્છક ડૉ. જસવંત મોદી અને તેમના પત્ની ડૉ. મીરા મોદી (USA સ્થિત) ફેબ્રુઆરી ૨૦૨૪માં વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી ડૉ. હસમુખ શાહ (Paediatrician-Vrindavan Children Hospital) સાથે ચી.ન.વિદ્યાવિહારની મુલાકાતે આવેલા અને દેરાસરથી શરૂ કરીને સ્મૃતિ કેન્દ્ર, પ્રાર્થના મંદિર અને સમગ્ર પરિસરની સંસ્થાઓની મુલાકાત લીધી હતી. તેઓ સારાભાઈ મગનભાઈ ટ્રસ્ટ ફંડના ચેરમેન શ્રી સુહૃદ સારાભાઈ, ટ્રસ્ટી શ્રી સૌભાગ્યચંદ શાહ, પૂર્વ વિદ્યાર્થી-ખાદી મંદિરના ટ્રસ્ટી શ્રી ચંદ્રવદન શાહ, પૂર્વ વિદ્યાર્થીઓ શ્રી હિમાંશુ શાહ અને શ્રી કેતન શાહ સાથે મિટિંગમાં અને પરિસરની મુલાકાતમાં જોડાયા હતા. તેઓ ૧૧૧ વર્ષથી ગાંધી વિચારધારાને અનુલક્ષી તેમજ સાંપ્રત સમય સાથે તાલ મિલાવી અવિરત ચાલતી વિદ્યાવિહારની વિકાસયાત્રાથી ઘણાં પ્રભાવિત થયા હતા. તેઓએ કુમાર અને કન્યા છાત્રાલયના નવીનીકરણ માટે સંપૂર્ણ આર્થિક સહયોગ આપવા માટેની તત્પરતા દર્શાવી હતી. તેઓ દેશ-વિદેશમાં અનેક જૈન સંસ્થાઓને શૈક્ષણિક ક્ષેત્રે સહયોગ કરે છે.

જાન્યુઆરી ૨૦૨૬ની તેમની દ્વિતીય મુલાકાતના સમયગાળા દરમ્યાન કન્યા છાત્રાલયમાં એક નવી વિંગનું બાંધકામનું કામ પૂર્ણ થયું હતું અને વિદ્યાર્થિનીઓ નવા મકાનમાં શિફ્ટ થઈ હતી અને હાલ તેઓ છાત્રાલયમાં નવી સુવિધાઓને માણીને અભ્યાસ કરી રહી છે. કન્યા છાત્રાલય બાદ કુમાર છાત્રાલયમાં રિનોવેશનની કામગીરી શરૂ ગઈ છે. છાત્રાલયના ભોજનાલયમાં નવીનીકરણની કામગીરી હવે શરૂ થશે.



વિદ્યાવિહારની તેઓની મુલાકાત સમયે વિદ્યાલયના છાત્રાલયના વિદ્યાર્થીઓ દ્વારા દેરાસર પાસે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિરમાં તેઓના સન્માન સમારંભમાં વિદ્યાવિહારની બધીજ સંસ્થાઓના વડાઓ જોડાયા હતા. છાત્રાલયના વિદ્યાર્થીઓએ ડૉ. જસવંત મોદી માટે તેમની લાગણીઓને પ્રદર્શિત કરતું એક હસ્તલિખિત સ્મૃતિ ચિન્હ-સોવેનિયર ભેટમાં આપ્યું હતું. કન્યા છાત્રાલયની વિદ્યાર્થિની ઓએ ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ એવો ગરબો પ્રસ્તુત કર્યો હતો. કુમાર છાત્રાલયના વિદ્યાર્થીઓએ પિરામિડની રચના થકી વિવિધ અંગકરતબ દ્વારા તેમનું કૌશલ્ય પ્રસ્તુત કર્યું હતું.

ડૉ. જસવંત મોદીએ તેમના વક્તવ્યમાં વિદ્યાર્થીઓને પૂછ્યું હતું કે તમારું કોઈ સ્વપ્ન હોય અને તમને એ પૂર્ણ થશે એવો દ્રઢ વિશ્વાસ હોય તો યાદ રાખજો કે તમને તમારી જાત પર વિશ્વાસ છે. આ શાળા શિક્ષણ સિવાય બીજું ઘણું આપે છે. વિદ્યા વિનય આપે છે અને મા સરસ્વતી મૂલ્યો, શાણપણ અને ચારિત્ર્ય આપે છે. તેઓએ HEART શબ્દ દ્વારા એક ખૂબ સરળ અને સચોટ સમજૂતી આપી હતી.

## HEART

H - Hard Work: એટલેકે મહેનતનો કોઈ જ વિકલ્પ નથી.

E - Ethics: એટલેકે મૂલ્યો અને નૈતિકતા - સાચો રસ્તો હમેશા લાંબો હોય છે પરંતુ સાચો હોય છે. હંમેશા પરીક્ષા, જીવન અને સબંધોમાં પ્રમાણિક રહો..

A - Ambition: જીવનમાં તમારું ધ્યેય શું છે? તમે શું બનવા માંગો છો એ તમારી જાતને પૂછો.

R - Resilience: એટલેકે ધીરજ - તમે નિષ્ફળ જશો, પડી જશો પરંતુ નિષ્ફળતા એ અંત નથી પરંતુ, શીખવાની શરૂઆત છે.

T - Thankfulness - કૃતજ્ઞતા - તમારા માતાપિતા, શિક્ષકો, શાળા અને તમને મળેલ તક માટે કૃતજ્ઞતા દાખવો.

આમ HEART શબ્દ દ્વારા તેઓએ વિદ્યાર્થીઓને ખૂબ સરળતાથી પણ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું.

ડૉ. મોદીએ વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઘણી મહેનત કરી આગળ વધી દેશના આદર્શ નાગરિક બની સમાજના ઉત્થાન માટે કામગીરી કરવા જણાવ્યું હતું. તેમની મુલાકાત દરમ્યાન તેઓએ કુમાર અને કન્યા છાત્રાલયની મુલાકાત લીધી હતી તેઓએ છાત્રાલયમાં ચાલતી અને કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.



ડૉ. જસવંતભાઈ અને મીરાબહેને કન્યા છાત્રાલયના પરિસરની બહાર વૃક્ષારોપણ કર્યું હતું. વૃક્ષારોપણમાં છાત્રાલયના પૂર્વ વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. જસવંતભાઈએ વૃક્ષારોપણ કરતી વખતે આનંદ વ્યક્ત કરતાં જણાવ્યુ કે, તેઓએ જિંદગીમાં પ્રથમ વખત વૃક્ષારોપણ કરીને સુખદ અનુભવ લીધો છે.

**હેતલ મહેતા** ARO, શેઠ ચી.ન. વિદ્યાવિહાર

# વિદ્યાવિહાર સાથે પૂર્વ વિદ્યાર્થીઓનું વિવિધ રીતે જોડાણ

## શેઠ ચી.ન. વિદ્યાલય શતાબ્દી ઉજવણી વક્તવ્ય શ્રેણી અંતર્ગત પૂર્વ વિદ્યાર્થી શ્રી હરીશ સુરતી (૧૯૬૭ની બેચ) દ્વારા વિદ્યાર્થીઓને સંબોધન

**બુધવાર, તાઃ ૪.૨.૨૦૨૬ સ્થળઃ સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિર**

શેઠ ચી.ન. વિદ્યાલયની શતાબ્દી ઉજવણી અંતર્ગત સ્નેહરશ્મિ પ્રાર્થનામંદિરમાં પૂર્વ વિદ્યાર્થી શ્રી હરીશ સુરતી (૧૯૬૭ની બેચ)એ વિદ્યાર્થીઓને સંબોધન કર્યું હતું. તેમની સાથે ૧૯૬૭ની બેચના અન્ય પૂર્વ વિદ્યાર્થીઓ શ્રી ઉર્વીશ દવે, શ્રી પ્રતિક મુન્શી, શ્રી દર્શિત ઠાકોર, શ્રી ચિતરંજન દેસાઇ, અને શ્રી ઉદયન રાવલે પણ પ્રાર્થના મંદિરમાં હાજરી આપીને શાળા સમયની યાદોને તાજી કરી હતી.



શ્રી હરીશભાઇએ એમના જીવન ઘડતર અને વિકાસમાં શાળાના મહત્વપૂર્ણ પ્રદાન વિશે જણાવ્યુ. પ્રાર્થના મંદિરમાં આવતા વિવિધ ક્ષેત્રના વક્તાઓ,સાહિત્યકારો,કવિઓએ માતૃભાષાનું ગૌરવ અને મહત્વ સમજાવ્યું. તેઓએ વિદ્યાર્થીઓને ૩ મહત્વપૂર્ણ સલાહ આપી (૧) Learn for knowledge, not learn for only marks. ચોકકસપણે સારા માર્ક્સ લાવવા જરૂરી છે, પણ knowledge-જ્ઞાન મેળવવું જરૂરી છે. વ્યવહારિક જીવનમાં સફળતા મેળવવા માટે સખત મહેનત, કામ પ્રત્યે સમર્પણ અને પ્રયત્નો જ કામમાં આવે છે. માતૃભાષાના મહત્વની સાથે જ અંગ્રેજીનું જ્ઞાન પણ એટલું જ જરૂરી છે. (૨) Learn about Finance & Money. જો knowledge હશે તો ચોકકસપણે સફળતા મળશે. તેઓએ ઘણા



small entrepreneursને financeનું જ્ઞાન ન હોવાને કારણે નિષ્ફળ જતાં જોયા છે. તેઓએ સલાહ આપી હતી કે Times of India, Economics Times જેવા સમાચારપત્રોની headlines વાંચવાથી 'How world is moving? તેનો ખ્યાલ આવશે, પછી રુચિ અનુસાર વિગતવાર વાંચી શકાય. શાળામાં સમાચારપત્રોની digital copy વાંચવા માટેની વ્યવસ્થા અંગે સૂચન કર્યું હતું. (૩) તેઓએ વિદ્યાર્થીઓને 'નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન' ધ્યાને લઈ હમેશા જીવનમાં ધ્યેય ઊંચું રાખશો અને હંમેશા પોતાની જાત પર વિશ્વાસ રાખવા સાથે પોતાની ખૂબીઓ અને નબળાઈઓને પણ જાણશો તો ચોક્કસ સફળતા મળશે જ એમ કહી પ્રોત્સાહિત કર્યા હતા. પોતાના અનુભવો પરથી તેઓએ જણાવ્યું કે Not wait for an opportunity but create an opportunity અને Charity & Kindness not required money. Just required efforts. If you do something , people will respond. એમનું વક્તવ્ય ખૂબ પ્રેરણાદાયી રહ્યું હતું.

## શેઠ ચી.ન. વિદ્યાલય શતાબ્દી ઉજવણી વક્તવ્ય શૃંખલા અંતર્ગત પૂર્વ વિદ્યાર્થીની દર્શા કીકાણી દ્વારા પ્રાર્થનામંદિરમાં વિદ્યાર્થીઓને સંબોધન

**તાઃ૧૮.૨.૨૦૨૬ સમયઃ સવારના ૮.૩૦ કલાક**



શેઠ ચી.ન. વિદ્યાલય શતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે તારીખ ૧૮ -૨- ૨૦૨૬ ને બુધવારના રોજ સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિરમાં શાળાના પૂર્વ વિદ્યાર્થીની(૧૯૭૩ની બેચ) શ્રીમતી દર્શા કિકાણીના વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમની સાથે તેમના પતિ અને ૧૯૬૯ની બેચના પૂર્વ વિદ્યાર્થી શ્રી રાજેશ કિકાણી પણ જોડાયા હતા. તેઓએ જણાવ્યું કે વિદ્યાવિહારમાં થયેલ ઉચ્ચ ચારિત્ર્ય ઘડતર, જીવનમૂલ્યો, શિસ્ત, સાહિત્ય, સંગીત, કલા, ચિત્ર, લેખન તેમજ અન્ય પ્રવૃત્તિઓ દ્વારા થતાં સર્વાંગી વિકાસનું તેમના ચારિત્ર્ય ઘડતર અને કારકિર્દી ઘડતરમાં બહુમૂલ્ય પ્રદાન રહેલ છે. તેઓ પ્રાર્થનાસભામાં વાયોલિન વગાડતા હતા. આજે પણ તેઓ વિદ્યાવિહારના મિત્રો સાથે વિદ્યાવિહારના ગીતો અચૂક ગાય છે. તેઓએ ૨૦૧૬માં શરૂ કરેલ વાર્તા મેળાની માહિતી આપતા જણાવ્યુ કે તેઓ અલગ અલગ શાળાઓમાંથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો પાસેથી વાર્તાઓ મંગાવે છે અને ત્યારબાદ તેમાંથી જે શ્રેષ્ઠ વાર્તાઓ હોય છે એમને નંબર આપે છે અને વાર્તા મેળો નામની બુકમાં પ્રસિદ્ધ કરે છે. તેઓ લેખિકા છે. શાળામાથી મળેલા સાહિત્ય, સંગીત અને સમાજસેવાના વારસાને તેઓએ આજે પણ જાળવી રાખ્યો છે જે એમની પ્રવૃત્તિઓ દ્વારા જોઈ શકાય છે.

## પૂર્વ વિદ્યાર્થી શ્રી અરવિંદ શાહ દ્વારા sponsored નિબંધ સ્પર્ધાનો ઈનામ વિતરણ સમારંભ

**સ્થળઃ સ્નેહરશ્મિ પ્રાર્થનામંદિર તાઃ૩૧.૧.૨૦૨૫**

વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી શ્રી અરવિંદ દેવચંદ શાહ (૧૯૫૪ની બેચ, USA સ્થિત રત્ન ગ્લોબલ ફાઉન્ડેશનના પ્રેસિડેંટ) દ્વારા છેલ્લા ૫ વર્ષથી સતત નિબંધ સ્પર્ધાને sponsor કરવામાં આવે છે. આ વર્ષે ધોરણ ૮ થી ૧૨ના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. શિક્ષકો માટે પણ આ સ્પર્ધા યોજાઈ હતી. ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે વિષય : 'કેવી રીતે હું એક સારો નાગરિક બની શકું?' 'અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે વિષયઃ How can I be a good citizen? રાખવામા આવ્યો હતો. જ્યારે ગુજરાતી માધ્યમના શિક્ષકો માટે વિષય ''સાંપ્રત સમયમાં બાળકોમાં હકારાત્મક વલણ અને વર્તન કેળવવા માટે વાલી અને શિક્ષકોની ભૂમિકા ''તેમજ અંગ્રેજી માધ્યમના શિક્ષકો માટે વિષય "The Role of Parents & Teachers to nurture healthy attitude & behaviour among children of present era" રાખવામા આવ્યો હતો.



છેલ્લા ઘણા સમયથી ખાસ તો કોરોના મહામારી દરમ્યાન online અભ્યાસ અને દરેક માહિતી google પર ઉપલબ્ધ હોવાથી વિદ્યાર્થીઓની મૌલિકતા અને રચનાત્મકતા પર ઘણી મોટી અસર થઈ છે. વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ અને લેખન કૌશલ્ય વિકસાવવા બાબત પ્રોત્સાહિત કરવા માટે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. શ્રી અરવિંદ શાહના સહાધ્યાયી શ્રી જીતેન્દ્ર શાહ છાત્રાલયના પૂર્વ વિદ્યાર્થી (૧૯૫૪ની બેચ) દ્વારા મુખ્ય અતિથી તરીકે વિજેતાઓને સ્નેહરશ્મિ પ્રાર્થનામંદિરમાં ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમમાં દરેક ધોરણદીઠ પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ ઈનામો આપવામાં આવ્યા હતા, અને શિક્ષકોમાં પણ પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ ઈનામો આપવામાં આવ્યા હતા.

દર વર્ષે નિબંધ માટેના વિષયો તેઓ સૂચવે છે. તેઓએ આપેલ વિષય દેશની સાંપ્રત બાબતોને સ્પર્શતા અને દેશ પ્રત્યે એક નાગરિક તરીકે સંવેદનશીલતા, પરસ્પર સદ્દભાવ અને સાથે જ જવાબદારી કેળવાય તે અંગેના હોય છે. શ્રી અરવિંદ શાહનો આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રોત્સાહિત કરવાનો અભિગમ ઘણો જ પ્રસંશનિય છે.

**હેતલ મહેતા** ARO, શેઠ ચી.ન.વિદ્યાવિહાર

# શાળામાં રેમિડિયલ શિક્ષણ - વ્યક્તિગત ધ્યાન દ્વારા સર્વાંગી વિકાસ

વિદ્યાવિહારની બે શાળાઓમાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસને વધુ મજબૂત બનાવવા માટે રેમિડિયલ ક્લાસ નિયમિત રીતે ચલાવવામાં આવે છે. જે અંતર્ગત અત્યારના વર્ગોમાં ધોરણ ૪ ના કુલ ૧૩ (બાલ વિદ્યાલય) તેમજ ધોરણ ૧ ના કુલ ૭ (વિશિષ્ટવર્ગ)ના વિદ્યાર્થીઓને ખાસ માર્ગદર્શન આપવામાં આવે છે. આ રેમિડિયલ શિક્ષણનું સંચાલન શ્રી રુબેન વસાઈવાલા દ્વારા અત્યંત નિષ્ઠાપૂર્વક કરવામાં આવે છે.




રેમિડિયલ શિક્ષણનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓની વ્યક્તિગત જરૂરિયાતોને ઓળખીને તેમની શૈક્ષણિક ક્ષમતામાં સુધારો લાવવાનો છે. દરેક વિદ્યાર્થીની શીખવાની ગતિ, સમજશક્તિ અને રૂચિને ધ્યાનમાં રાખીને શીખવવાની પદ્ધતિ અપનાવવામાં આવે છે. ખાસ કરીને ભાષા, ગણિત, અંગ્રેજી અને મૂળભૂત વાંચન-લખાણ કૌશલ્યોમાં મજબૂતી લાવવામાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

વિશિષ્ટવર્ગના વિદ્યાર્થીઓ માટે દૃશ્ય-શ્રાવ્ય સાધનો, પ્રવૃત્તિ આધારિત શિક્ષણ, રમતમાં શીખવાની પદ્ધતિ અને વ્યક્તિગત માર્ગદર્શન જેવી પદ્ધતિઓ અપનાવવામાં આવે છે. ધોરણ ૪ ના વિદ્યાર્થીઓ માટે મૂળભૂત સંકલ્પનાઓ સ્પષ્ટ કરવી, પુનરાવર્તન કરાવવું અને પ્રેક્ટિસ દ્વારા આત્મવિશ્વાસ વધારવો એ મુખ્ય ઉદ્દેશ્ય છે.

શ્રી રુબેન વિદ્યાર્થીઓ સાથે સકારાત્મક અને સહાનુભૂતિપૂર્ણ વલણ રાખીને તેમને પ્રોત્સાહિત કરે છે, જેના પરિણામે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને શૈક્ષણિક પ્રગતિ બંનેમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. નિયમિત મૂલ્યાંકન દ્વારા વિદ્યાર્થીઓની પ્રગતિ પર નજર રાખવામાં આવે છે અને જરૂર મુજબ શિક્ષણ પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવે છે.

આ રેમિડિયલ વર્ગો વિદ્યાર્થીઓને માત્ર અભ્યાસમાં જ નહીં, પરંતુ તેમની સર્વાંગી વૃદ્ધિ માટે પણ મજબૂત આધાર પૂરું પાડે છે. શાળાનો આ પ્રયાસ દરેક વિદ્યાર્થી સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણ પહોંચાડવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

**ડૉ. ગીતા ડોડિઆ,**
કાઉન્સેલિંગ સેન્ટર

# વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી

શેઠ ચી.ન. કિશોર વિદ્યાલયમાં તા. ૨૧-૦૨-૨૦૨૬ના રોજ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત સવારે ૮:૦૦ વાગ્યે પ્રાર્થના દ્વારા કરવામાં આવી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ માતૃભાષાને લગતા ગીતો રજૂ કર્યા. ધોરણ ૬ની વિદ્યાર્થીની એ માતૃભાષાના મહત્વ વિશેની માહિતી આપી.



કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જાણીતા પત્રકાર અને સાહિત્યકાર શ્રી રમેશભાઈ તન્ના ઉપસ્થિત રહ્યા હતા. તેમનું આચાર્ય શ્રી અલ્કેશ ગજ્જર દ્વારા સૂતરની આંટી અને છોડ અર્પણ કરીને હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું. મહેમાનશ્રીએ માતૃભાષાની જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા વિશે ઉપયોગી અને પ્રેરણાદાયક માહિતી આપી. માતૃભાષા દ્વારા વ્યક્તિ પોતાના વિચારો અને ભાવનાઓ સરળતાથી વ્યક્ત કરી શકે છે. પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં મળે તો સમજણ વધુ સારી રીતે વિકસે છે. માતૃભાષા આપણા સંસ્કાર, પરંપરા અને વારસાની ઓળખ છે. પોતાની ભાષામાં વાતચીત કરવાથી આત્મવિશ્વાસ મજબૂત બને છે.



માતૃભાષા વ્યક્તિ અને સમાજ વચ્ચે ગાઢ સંબંધ સ્થાપિત કરે છે. બાળપણથી માતૃભાષાનો ઉપયોગ કરવાથી વિચાર કરવાની ક્ષમતા વધુ વિકસે છે. તેઓએ ઉદાહરણ આપીને વાતને સરળ અને સમજણપૂર્વક જણાવી. જેના કારણે વિદ્યાર્થીઓને પ્રેરણા મળી. ત્યારબાદ ''મને મારી માતૃભાષા ગમે છે'' વિષય પર નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, અને શાળાના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક તેમાં ભાગ લીધો. આચાર્યશ્રીએ પણ માતૃભાષા દિવસના મહત્વ વિશે સુંદર સંદેશ આપ્યો અને વિદ્યાર્થીઓને પોતાની ભાષા પ્રત્યે ગૌરવ અનુભવવા પ્રેરિત કર્યા. આ રીતે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી સફળતાપૂર્વક અને હર્ષોલ્લાસ સાથે પૂર્ણ કરી.

# આખરે, આ કોની જવાબદારી છે?

**મહા સ્વચ્છતા અભિયાનઃ બેદરકાર આદતોથી જાગૃત નાયકો સુધી**

**''શ્રમનું સન્માન - શાળાનું અભિમાન''**

જ્યારે શિક્ષણ વર્ગખંડની બહાર નીકળે છે, ત્યારે મૂલ્યો સાચા અર્થમાં સમજાય છે. એક હૃદયસ્પર્શી પહેલના ભાગરૂપે, બાલ વિદ્યાલય (ધોરણ ૪-અ) અને કિશોર વિદ્યાલય (ધોરણ ૬-અ) ના લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓ એક સાર્થક સ્વચ્છતા અભિયાન માટે એકત્રિત થયા. જેની શરૂઆત એક સામાન્ય પ્રવૃત્તિ તરીકે થઈ હતી, તે ટૂંક સમયમાં શ્રમની ગરિમા, જવાબદારી અને કૃતજ્ઞતાના શક્તિશાળી પાઠમાં પરિવર્તિત થઈ ગઈ.



હાથમાં સાવરણી અને હૃદયમાં નિશ્ચય સાથે, વિદ્યાર્થીઓએ પ્રત્યક્ષ અનુભવ્યું કે આપણા પરિસરને સ્વચ્છ રાખવા માટે કેટલો પરિશ્રમ કરવો પડે છે-એક એવું કાર્ય જેને આપણે અવારનવાર સહજ માની લઈએ છીએ. કામ કરતાં કરતાં તેઓ સમજ્યા કે કચરો કરવામાં માત્ર સેકન્ડો લાગે છે, પરંતુ દરરોજ સ્વચ્છતા જાળવવા માટે સાચી સખત મહેનત અને પ્રતિબદ્ધતાની જરૂર હોય છે.

**અભિયાનનું હાર્દઃ અનામી નાયકોનું સન્માન**

દિવસની સૌથી હૃદયસ્પર્શી ક્ષણ ત્યારે હતી જ્યારે વિદ્યાર્થીઓએ શાળાના સફાઈ કર્મચારીઓ પ્રત્યે પોતાનો હાર્દિક આદર વ્યક્ત કર્યો. બાળકોએ આ રીતે આભાર વ્યક્ત કર્યો:

- સર્વોચ્ચ સન્માનના પ્રતીક રૂપે પરંપરાગત કુમકુમ તિલક કર્યું.
- કર્મચારીઓની અથાક મહેનતની કદર કરવા માટે વિદ્યાર્થીઓએ હાથે બનાવેલી ખાસ ભેટ અર્પણ કરી.
- પરિસર સ્વચ્છ રાખીને તેમના કામને સરળ બનાવવાની પ્રતિજ્ઞા લીધી.

આ અભિયાન માત્ર શાળાની સફાઈ કરવા વિશે નહોતું; તે દ્રષ્ટિકોણને શુદ્ધ કરવા અને સહાનુભૂતિ કેળવવા વિશે હતું. ખરેખર, સાચું શિક્ષણ ત્યારે જ સૌથી વધુ ઝળકે છે જ્યારે તે ચારિત્ર્યનું ઘડતર કરે છે.
''ગંદકી કરવી એ ભૂલ છે, ગરિમા જાળવવી એ મૂળ છે.''

**અભિયાનના પ્રણેતા અને માર્ગદર્શકો**

આ સરાહનીય પહેલ આદરણીય નેતૃત્વના પ્રેરણાદાયી માર્ગદર્શન અને સમર્પિત શિક્ષકોના સક્રિય સહયોગથી સફળ બની છે:

**પથદર્શક નેતૃત્વ:**

- શ્રી અલ્કેશ ગજ્જર, આચાર્ય (કિશોર વિદ્યાલય)
- શ્રીમતી હેતલ ભટ્ટ, આચાર્ય (બાલ વિદ્યાલય)

**માર્ગદર્શક શિક્ષકો:**

- કિશોર વિદ્યાલય: મીત વોરા અને ચંદ્રિકા ગોહિલ
- બાલ વિદ્યાલય: સુખદેવસિંહ વાઘેલા અને તિમીર ગોર

# A Talk: The Three 'I's of Financial Literacy

Sheth C.N. Vidyavihar organized a session on Financial Literacy for students of Classes 9 and 11 on 6th January 2026. The session featured two speakers: Mr. Bhargav Pancholi, Editor of Gujarat Samachar newspaper and Mr. Diwaker Jain, CEO of HDFC Mutual Fund.




Life begins with three fundamental 'I's: the Individual (a person), Investment, and Insurance – as suggested by the speakers. They said that most individuals are literate in conventional terms but remain financially illiterate throughout their lives. The tendency is to nurture only the first 'I'—the Individual—while neglecting the other two critical 'I's: Investment and Insurance.

To address this gap and emphasize the importance of these two often-overlooked 'I's, the speakers gave some useful suggestions to the students to get them thinking about financial planning for the future.

Mr. Jain emphasized the power of long-term investing and the significant advantages of compounding. His core message to the young audience was clear and actionable: "Invest before you spend." Mr. Jain particularly focused on nurturing the mindset of these future investors, encouraging them to adopt a long-term perspective and understand how money can grow exponentially through the power of compounding. He concluded the session with a powerful piece of advice: Start investing early.

# ચિત્ર સ્પર્ધામાં બાલ વિદ્યાલયના વિદ્યાર્થીઓ

ગુજરાત રાજ્ય કલા શિક્ષક સંઘ દ્વારા આયોજિત રંગપુરણી ચિત્ર સ્પર્ધામાં શેઠ. ચી. ન. બાલ વિદ્યાલયના ૪૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં શાળા કક્ષાએ ૫ ગોલ્ડ મેડલ, ૪ સિલ્વર મેડલ અને ૩ બ્રોન્ઝ મેડલ શાળાના વિદ્યાર્થીઓએ મેળવીને શાળાને ગૌરવ અપાવ્યું હતું. તમામ વિદ્યાર્થીઓના ચિત્રો જિલ્લા કક્ષાએ અને રાજ્યકક્ષાએ જશે. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ અને ઇનામ મેળવનાર વિદ્યાર્થીઓને શેઠ.ચી.ન. બાલ વિદ્યાલય પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન....

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ધોરણ | મળેલ સન્માન |
|---|---|---|---|
| ૧ | પરમાર હાર્વી વી. | ૫ બ | પ્રથમ- ગોલ્ડ મેડલ |
| ૨ | દવે અદિતિ એસ. | ૫ ક | પ્રથમ- ગોલ્ડ મેડલ |
| ૩ | સોલંકી મીત વાય. | ૪ બ | પ્રથમ- ગોલ્ડ મેડલ |
| ૪ | પટેલ પ્રાપ્તિ યુ. | ૨ બ | પ્રથમ- ગોલ્ડ મેડલ |
| ૫ | દેસાઇ મોક્ષાક | ૨ ક | પ્રથમ- ગોલ્ડ મેડલ |
| ૬ | ગંભાવા મહેર પી. | ૫ ક | દ્વિતીય - સિલ્વર મેડલ |
| ૭ | ચૌહાણ જૈવિક એ. | ૪ બ | દ્વિતીય - સિલ્વર મેડલ |
| ૮ | સોલંકી દિયાબા આર. | ૩ અ | દ્વિતીય - સિલ્વર મેડલ |
| ૯ | ગોહિલ કૃષ્ણકુમાર કે. | ૨ બ | દ્વિતીય - સિલ્વર મેડલ |
| ૧૦ | ઝવેરી સ્વરા એમ. | ૪ બ | તૃતીય - બ્રોન્ઝ મેડલ |
| ૧૧ | રખોલિયા ત્વિષા એ. | ૨ ક | તૃતીય - બ્રોન્ઝ મેડલ |
| ૧૨ | મિસ્ત્રી પ્રાંશી એચ. | ૧ અ | તૃતીય - બ્રોન્ઝ મેડલ |

## Sporting Achievements of Bal Vishisht Varg Students



Sheth CN English Medium Vishisht Varg students Dhimahi Shah (Sr.KG) and Musa Imam (Jr.KG) and Hamid Imam (2nd standard) got laurels in Roller Skating. Dhimahi secured first rank in endurance and speed milestones in 2 hours non-stop Skating Tournament held by Eklavya Sports Academy in February 2026. She demonstrated elite-level stamina and exceptional mental focus for her age group. Musa Imam secured two silver medals and one bronze medal in the Under-6 age category at the All Gujarat Roller Skating Championship held by Baroda Skating Association. Whereas Hamid Imam secured three silver medals at the same Championship in different events.

# વિદ્યાવિહારના વિદ્યાર્થીઓ માટે સ્મૃતિ કેન્દ્રની મુલાકાતનું આયોજન

વિદ્યાવિહારની પ્રથમ શાળા શેઠ ચી. ન. વિદ્યાલયના શતાબ્દી વર્ષની ઉજવણી હાલ ચાલી રહી છે. આ ઉજવણી અંતર્ગત વર્ષ દરમ્યાન અવિરત વિવિધ કાર્યક્રમોનું આયોજન અંતર્ગત વિદ્યાલય, કિશોર વિદ્યાલય, બાલ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ સ્મૃતિ કેન્દ્રની મુલાકાત લીધી હતી.

શેઠ ચીમનલાલ નગીનદાસ, માણેકબા, તેમજ તેમને સતત આજીવન સહયોગ આપનાર સ્થાપક ટ્રસ્ટી અંબાલાલ સારાભાઈ અને સફળ સંવાહકો ઈન્દુમતીબહેન શેઠ તેમજ ઝીણાભાઈ દેસાઈ કે જેમણે જીવનપર્યંત લગભગ ૫૦ વર્ષ જેટલો સમય કાર્યરત રહી વિદ્યાવિહારને એમની કર્મભૂમિ બનાવી હતી.સ્મૃતિ કેન્દ્રમાં તેઓની જીવન યાત્રા દર્શાવવામાં આવી છે.

સ્મૃતિ કેન્દ્રમાં સંગ્રહિત અને પ્રદર્શિત કરેલ વિગતો, ટ્રોફીઓ, સ્થાપકોની અંગત વસ્તુઓ, સંગીતના સાધનો તેમના લખાણો, ડાયરી વિશે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. ઈન્દુમતીબહેનના દેશની સ્વતંત્રતા ચળવળ સમયે જેલવાસ, તેમજ તેમના દ્વારા સ્વદેશી ખાદીના પ્રચાર, પ્રસાર અને વિસ્તાર વિશે તેમજ તેમના શૈક્ષણિક અને સામાજિક કાર્યો વિશે વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવી હતી.

મુલાકાત દરમ્યાન તેઓને સંસ્થાના સાંસ્કૃતિક વારસા વિશે, વિદ્યાવિહારના નામી પૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષકો વિશે, રાષ્ટ્રીય સન્માન મેળવેલ પૂર્વ વિદ્યાર્થીઓ વિશે તેમજ સંસ્થાના ઈતિહાસ બાબત જાણકારી આપવામાં આવી હતી. આ માટે એક વિશેષ પ્રશ્નોત્તરી પણ તૈયાર કરવામાં આવી છે. હાલ સાહિત્ય online available હોવા છતાં વિદ્યાર્થીઓને લાઈબ્રેરીમાં શાંતિમય વાતાવરણમાં વાંચવાનો અનુભવ મેળવવા જણાવ્યું હતું. વિદ્યાલયની લાઈબ્રેરીમાં ઝીણાભાઈ દેસાઈ દ્વારા લિખિત પુસ્તકો તો છે જ અને ઝવેરચંદ મેઘાણીના સાહિત્યનું એક અલગ કોર્નર બનાવવામાં આવ્યું છે. આ ઉપરાંત લાઈબ્રેરીમાં વિવિધ ક્ષેત્રને લગતાં અનેક સારા પુસ્તકો પ્રાપ્ય છે. વિદ્યાવિહારના પ્રકાશનોમાં પૂર્વ વિદ્યાર્થીઓના અનેક લખાણો જોવા મળે છે. વિદ્યાર્થીઓને લાઈબ્રેરીમાં જઈને સારા પુસ્તકો અને વિદ્યાવિહાર દ્વારા પ્રકાશિત પુસ્તકો વાંચવા માટે અને ઝીણાભાઇ દેસાઈના ગુજરાતી સાહિત્યમાં અનોખા પ્રદાન એવા હાઇકુને જીવંત રાખવા હાઇકુ લખવાનો તેમજ લેખનકાર્ય પ્રત્યે રસ હોય તો તે માટે પ્રયત્નો કરવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓને વિદ્યાવિહાર પર પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ ડોક્યુમેંટ્રી ફિલ્મ 'સમર્પણ' બતાવવામાં આવી હતી. સ્મૃતિ કેન્દ્રમાં આ પ્રસ્તુતિ માટે સગવડ વિકસાવવામાં આવી છે. ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને વિદ્યાવિહારની ૧૧૧ વર્ષની ઉજવણી અંતર્ગત થયેલા કાર્યક્રમ 'રસોત્સવ'નો વિડીયો પણ બતાવવામાં આવ્યો હતો. કે જેમાં વિદ્યાવિહારના ૧૯૫૧ની બેચના વિદ્યાર્થીઓથી ૨૦૨૩ની બેચ સુધીના વિદ્યાર્થીઓ જોડાયા હતા. વર્તમાન વિદ્યાર્થીઓ તેમના શાળાના મિત્રો સાથે પરસ્પર અને વિદ્યાવિહાર સાથે ભવિષ્યમાં પણ સંકળાયેલા રહે એવી પ્રેરણા મળે એવો હેતુ આ પાછળ હતો.

દ્રશ્ય અને શ્રાવ્યના માધ્યમની મદદથી વિદ્યાર્થીઓમાં સંસ્થાના ૧૧૩ વર્ષના ભવ્ય વારસા વિશે જાણકારી મેળવવાની જિજ્ઞાસા જોવા મળી હતી.

**હેતલ મહેતા,** ઈન્ચાર્જ-ચી.ન. સ્મૃતિ કેન્દ્ર

# સોળ કળાના સૂર્ય-કવિવર રવીન્દ્રનાથ ટાગોર

## ચી. ન. વિદ્યાવિહારમાં રવીન્દ્ર કેન્દ્રની પ્રવૃત્તિ અંતર્ગત પ્રથમ પ્રસ્તુતિ



વિદ્યાવિહારના પૂર્વ વિદ્યાર્થી શ્રી શૈલેશ પારેખ જે રવીન્દ્ર સાહિત્યના પ્રખર અનુવાદક છે. તેમણે સી. એન. વિદ્યાવિહારમાં રવીન્દ્ર કેન્દ્રની સ્થાપનાનો પ્રસ્તાવ મૂકયો. જેના અનુસંધાનમાં પ્રથમ પ્રસ્તુતિના ભાગરૂપે કવિવર ટાગોરના જીવનની ઝાંખી દર્શાવતુ નાટક રજૂ થયું, જેમાં વિદ્યાવિહારની તમામ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો. નાટકનું શિર્ષક હતું સોળ કળાના સૂર્ય - કવિવર રવીન્દ્રનાથ ટાગોર.



આ નાટક દ્વારા વિદ્યાર્થીઓએ ટાગોરની બહુમુખી પ્રતિભાને પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો. બાલ વિદ્યાલય અને બાલ વિશિષ્ટ વર્ગના વિદ્યાર્થીઓ દ્વારા ટાગોરના બાલ્ય જીવન વિશે પ્રસ્તુતિ થઈ જ્યારે કિશોર વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ટાગોરને શિક્ષણના વર્ષો દરમિયાન થયેલા અનુભવો પ્રસ્તુત કર્યાં. અંગ્રેજી માધ્યમ શાળાના વિદ્યાર્થીઓએ ટાગોરની ગાંધીજી અને આઈન્સ્ટાઈન સાથે થયેલી મુલાકાતો અને સંવાદ રજૂ કર્યાં અને વિદ્યાલય તરફથી ટાગોર એક ચિત્રકાર તરીકે રજૂ થયાં.



આ કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનો હતાં શ્રી રાજેન્દ્ર પટેલ અને પૂર્વ વિદ્યાર્થીનીઓ શ્રી સુજ્ઞા શાહ અને શ્રી ઈશિરા પરીખ. વિદ્યાવિહારના શૈક્ષણિક સલાહકાર શ્રી રાજેન્દ્ર જાડેજા પણ હાજર રહ્યાં હતાં.

# Annual Presentation at C N Kalaniketan

C N Kalaniketan hosted its annual programme on 21st February 2026 in which about 70 students participated. The presentations included vocal music, instruments like Harmonium, Tabla, Sitar and Mandoline and dances like Kathak and Bharatnatyam in traditional and classical Indian music. The day being International Mother Language Day, students also presented songs highlighting the glory of Gujarati language.

















# KHEL MAHAKUMBH
# STATE CHAMPIONSHIP RESULTS February 2026

**U-14 BOYS – MEDALS WON**

**Parallel Bars**
1. Drashy Shah – SILVER
2. Praket Bhavsar - BRONZE

**High Bar**
1. Praket Bhavsar - GOLD
2. Jidan Dobariya - SILVER

**Pommel Horse**
1. Jidaan Dobariya- SILVER

**U-17 BOYS – MEDALS WON**

**Pommel Horse**
1. Kavish Patel - GOLD

**Horizontal Bar**
1. Yaksh Somaiya- GOLD

**Still Rings**
1. Kavish Patel - SILVER



**U-14 GIRLS – MEDALS WON**

**Vaulting table**
1. Isha- GOLD

**Uneven bars**
1. Vanya Dubey - GOLD
2. Vrunda Chavda - SILVER
3. Riya Shah - BRONZE

**Balancing Beam**
1. Pragya Choudhary - GOLD
2. Riya Shah - BRONZE

**Floor Exercise**
1. Isha Patel- GOLD
2. Vanya Dubey - SILVER

**U-17 GIRLS – MEDALS WON**


**Vaulting table**
1. Navya Shah - GOLD
2. Nishi Bhavsar - BRONZE

**Uneven bars**
1. Rushvi Shalot- GOLD
2. Nandini Bhadani - SILVER
3. Swara Rathod - BRONZE

**Balancing Beam**
1. Nishi Bhavsar - GOLD
2. Nandini Bhadani - SILVER
3. Rushvi Shalot - BRONZE

**Floor Exercise**
1. Navya Shah - GOLD
2. Swara Rathod - SILVER
3. Yahvi Sharma – BRONZE

**Total Medal Count of CNSA Artistic Gymnastics:**
**11 gold, 9 silver, 7 bronze = 27 medals**



## CN Vidyalaya and CNEM Gymnasts shine at National Championships



Congratulation to Navya Shah of C. N. Vidyalaya who won a Silver Medal in Uneven Bars event in Under-17 category in Artistic Gymnastics at School Games Federation of India’s National meet in Kolkata in January 2026. Nandini Bhadani of C. N. English Medium school stood 6th for her Balancing Beam performance at the same Championships. Team Gujarat secured the fourth position with these two feats. Yahvi Sharma, Rishvi Shalot and Swara Rathod were the other CNSA gymnasts who were on the Gujarat Team.

# Pre-level Artistic Gymnastics Competition




CNSA hosted a Pre-level Artistic Gymnastics Competition for its youngest students—4 to 8 yrs of age. About 56 students participated in this competition which was scheduled on Saturday, 14th February 2026 from 8 am to 1 pm. The judging for this competition was done by the U-17 senior gymnasts of CNSA who are State and National Champions. The judging was done on various aspects like balance, execution and finesse in the various exercises the students were taught to do. Students were given medals and certificates. The certificates mentioned their performance score. Parents were also invited to witness this competition; the experience became their first hand introduction to the sport.

# CN Vidyalaya student Ankit Ray with UNICEF and ICC officials

As part of the global UNICEF and International Cricket Council's 'Right to Play' initiative, Elixir Foundation approached CN Vidyalaya to nominate one student from the school who can represent children's achievement in sports. Ankit Ray, student of CN Vidyalaya (9th std), who plays on CN Vidyalaya's Under-14 cricket team, was identified for the occasion. On the day of the final T-20 World Cup cricket match between India and South Africa, Ankit was invited by the event organisers to spend the day interacting with UNICEF and ICC officials. Ankit also participated in the Trophy Walkout at the Motera Stadium on the




occasion, alongside Ravi Shastri and Soledad Herrero, Chief of Field Services, UNICEF India.

Ankit says, "I got an amazing opportunity from CN Vidyalaya to participate in the trophy walk with the cricket legend Ravi Shastri and interact with him. The UNICEF representative asked me about my school and about my life goals. Ravi Shastri sir also asked me how I manage both cricket and studies together and how does my school support my sporting ambition. It was the best experience of my life. Thanks to CN Vidyalaya and UNICEF office."

**Trupti Rawal,** Director, CNSA

# શેઠ સી. એન કોલેજ ઓફ ફાઇન આર્ટસ્‌ના વિદ્યાર્થીઓનું વાર્ષિક પ્રદર્શન - ૨૦૨૫-૨૬





શેઠ સી. એન કોલેજ ઓફ ફાઇન આર્ટસ્‌માં દર વર્ષની માફક આ વર્ષે (૨૦૨૬) પણ સંસ્થાના વિવિધ વિભાગમાં અભ્યાસ કરતાં એ.ટી.ડી., એપ્લાઇડ આર્ટ, શિલ્પ તથા પેઇન્ટિંગના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતાં સિનિયર વિદ્યાર્થીઓ અને અન્ય બીજા વર્ગના જૂનિયર વિદ્યાર્થીઓનું વાર્ષિક પ્રદર્શન ૨૦,૨૧,૨૨ માર્ચ ૨૦૨૬ માં યોજાઇ ગયું. જેનો સમય સવારે ૧૦ થી સાંજના ૭ સુંધી હતો.

જેમાં સીનિયર/જૂનિયર કલાકાર વિદ્યાર્થીઓના આર્ટવર્ક, જવેલરી, ક્રાફ્ટ, કોમર્શિયલ આર્ટ રજૂ કરાઇ, પ્રદર્શનમા પ્રદર્શિત થયેલી દરેક આર્ટ ખૂબ પ્રસંસનીય રહી અને અનેક ખ્યાતનામ કલાકારો, કલાસંસ્થાના પૂર્વ પ્રિન્સિપાલ, શિક્ષકો અને કળા પ્રેમીઓએ ઉપસ્થિત રહી ને પ્રદશનને આનંદપૂર્વક માણ્યું.

ગુજરાતનાં કલાગુરુ રવિશંકર રાવલની સ્મૃતિમાં દર વર્ષે યોજાતી પ્રતિષ્ઠિત ''કલારવિ કોમ્પિટિશન''માં રવિન્દ્રનાથ ટાગોર અને 'પ્રકૃતિ' જેવા વિષયો પર સંસ્થાના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ લાઈવ કૃતિઓનું પ્રદર્શન સી.એન.કોલેજ ઓફ ફાઈન આર્ટ્સના પ્રદર્શન હોલમાં યોજાઇ ગયું. આ સાથે નેચરલ ડાય પદ્ધતિથી વર્કશોપમાં વિદ્યાર્થીઓ દ્વારા થયેલ કૃતિઓનું પ્રદર્શન પણ યોજાઇ ગયું.

આ સંકુલમાં અમુક આર્ટ ઈન્સ્ટોલેશન, સ્ટોલ-સ્ટેજ ડેકોરેશન, ફૂડ સ્ટોલ કલાત્મક રીતે વિદ્યાર્થીઓ દ્વારા સજાવીને રજૂ થયા. જે આ ફેસ્ટિવલની શોભા વધારી રહ્યા હતા અને આકર્ષણનું કેન્દ્ર રહ્યા.

શિલ્પ વિભાગ દ્વારા સિપોરેક્સ, ટેરાકોટા અને મોજેક વર્ક જે કલા સંસ્થાના વિદ્યાર્થીઓ એ તૈયાર કર્યા હતા તે પણ પ્રદર્શનમાં ખૂબ સરસ રીતે રજૂ થયા.



ફૂડ સ્ટોલમાં તૈયાર વાનગીઓ વિદ્યાર્થીઓ દ્વારા રાખવામાં આવી હતી. જેનો સ્વાદ સહુ કોઇએ રસપૂર્વક માણ્યો.

બપોરના સમય પછી વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પર્ફોર્મન્સ યોજાયું. જેમાં સંગીત, નૃત્ય, ડાન્સ ગીત અને એક્ટિંગ જેવી વિવિધ પ્રવૃતિઓ રજૂ થઈ જે જોઈને સહુ કોઈ ઝૂમી ઉઠ્યા. કલા સંસ્થાના પ્રિન્સિપાલ મનીષ મોદી, સહુ અધ્યાપકો અને સંપૂર્ણ સ્ટાફે ખૂબ સહયોગ આપી ને સુંદર વ્યવસ્થા કરીને આ પ્રસંગને સફળ બનાવ્યો.

**-કમલેશ ગજ્જર**

## માઇક્રોન આર્ટ ચેલેન્જ




ગત ફેબ્રુઆરી માસમાં સાણંદ, અમદાવાદ ખાતે માઈક્રોન ટેકનોલોજી જેવી મલ્ટી નેશનલ કંપની દ્વારા સેમિકન્ડક્ટર ક્ષેત્રની માઈક્રો ચિપ બનાવનાર અતિ આધુનિક પ્લાન્ટનું ઉદ્દઘાટન આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર દેશ માટે ગૌરવપૂર્ણ અને ક્રાંતિ સર્જનાર ઘટના હતી. આ માઇક્રોન કંપની દ્વારા આપણી ફાઇન આર્ટ્સ કોલેજને આપણા જ પ્રાંગણમાં''માઇક્રોન આર્ટ ચેલેન્જ: શેર્ડ મેમરી'' શીર્ષક સાથે પેઇન્ટિંગ કોમ્પિટિશન યોજવાનું આમંત્રણ મળ્યું.તારીખ ૧૪ ફેબ્રુઆરી ના રોજ આપણી સંસ્થામાં ૧૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓએ તેમાં સહર્ષ ભાગ લીધો. કંપની તરફથી વિદ્યાર્થીઓને મટીરીયલ કીટ, લંચ અને રિફ્રેશમેન્ટ પણ આપવામાં આવ્યા. આ ચિત્ર સ્પર્ધા માટેના વિષયો હતા, (૧) જેન્ડર એન્ડ સ્ટેમ, જેમાં સ્ત્રી પુરુષ સમાનતા (૨) સેન્ડ ટુ સોસાયટી: માઈક્રો ચીપની યાત્રા, ડિજિટલ ટેકનોલોજી (૩) ઇન્ડિયા ઇન ૨૦૪૭, એ આઈ ફોર ન્યુ ઇન્ડિયા,આ વિષય અંતર્ગત દેશના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં AI નો ફાળો, દેશના વિકાસ માટેની મહત્વકાંક્ષા દર્શાવતા સર્જનો થયા. શેઠ ચી. ન. ફાઇન આર્ટસના વિદ્યાર્થીઓએ પોતાની કલ્પનાશીલતા અને કૌશલ્ય વડે આ વિષયોને અવનવું સ્વરૂપ આપ્યું.



સ્પર્ધાના અંત બાદ ત્રણ વિજેતાઓને અને પાંચ વિશિષ્ટ યોગ્યતા પુરસ્કારો આપવામાં આવ્યા. આ પ્રસંગે માઇક્રોન કંપનીના ઓફિસર્સ અને જાણીતા કલાકાર દ્વારા કૃતિઓ પસંદ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ માટે ટેકનોલોજી અને કલાના સંગમ સમાન એવા વિષયોના પર કૃતિઓનું સર્જન અને સંવાદ રસપ્રદ પુરવાર થયા. આપણા સૌ માટે ગૌરવ લેવા જેવો આ કાર્યક્રમ બની રહ્યો.




તા.૨૭ ફેબ્રુઆરીના રોજ સાયન્સ સીટી ખાતે આ કુલ ૧૦૦ કૃતિઓ માંથી ઉત્તમ એવી ૨૦ કલાકૃતિઓનું પ્રદર્શન પણ યોજાયું. જેમાં માઇક્રોન કંપની દ્વારા આધુનિક વિજ્ઞાન, ટેકનોલોજી અને AI અંગેના સંવાદ અને સેમીનાર સાથે આપણી સંસ્થાના ચિત્રોનું પ્રદર્શન થયું. આ પ્રસંગે યુએસએ ખાતેથી માઇક્રોન કંપનીના સીઈઓ સંજય મહેરોત્રા કંપની ના વાઈસ પ્રેસિડેન્ટ એપ્રિલ એનર્જન ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ કલાકાર વિદ્યાર્થીઓ સાથે તેઓની કૃતિઓ વિશે સંવાદ પણ કર્યા હતા. તથા ટોપ વિજેતા ત્રણ કૃતિઓ આ કંપનીના અમેરિકા ખાતે ઓફિસમાં મુકાશે. અન્ય એક ચિત્ર કૃતિ માઇક્રોન કંપની ખાતેના સાણંદના ઉદ્વાટન સમારોહમાં પ્રસ્તુત થઈ, જે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભેટ તરીકે કંપની તરફથી આપવામાં આવી હતી. જે સંસ્થા માટે ગૌરવપૂર્ણ ઘટના હતી.

## શેઠ ચી. ન. ફાઇન આર્ટસના વિદ્યાર્થીઓની પ્રવૃત્તિ અને વર્કશોપ



શેઠ ચી. ન. કોલેજ ઓફ ફાઇન આર્ટસને તારીખ ૩૦ ૩૧ જાન્યુઆરીના રોજ કર્ણાવતી યુનિવર્સિટી દ્વારા આયોજિત 'અમદાવાદ ડિઝાઇન વીક' અંતર્ગત હઠીસિંગ વિઝ્યુઅલ આર્ટ ગેલેરી ખાતે આર્ટ એન્ડ ક્રાફટના સ્ટોલ રાખવા માટેનું આમંત્રણ મળ્યું. જેમાં સંસ્થાના વિદ્યાર્થીઓએ નાની ચિત્ર કૃતિઓ, શિલ્પો, સુશોભનાત્મક ચીજ વસ્તુઓ, જેવી કલાકારીગરીની ચીજવસ્તુઓ પ્રસ્તુત કરી હતી. ડિઝાઇન વીકમાં

ભાગ લેનાર દર્શકો અને કલારસિકોએ તેનો મોટા પ્રમાણમાં લાભ લીધો. વિદ્યાર્થીઓને પણ પોતાની કલા વિશે રજૂઆત કરવા માટેનું પ્લેટફોર્મ મળ્યું.



તેવી જ રીતે કદંબ પરફોર્મિંગ આર્ટ સેન્ટર કે જે શ્રી કુમુદિની લાખીયા દ્વારા નિર્મિત છે, ત્યાં તારીખ ૧૧ થી ૧૪ ફેબ્રુઆરી સુધી યોજાયેલ અમદાવાદ આર્ટસ સમિટમાં ફાઇન આર્ટસના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. જેમાં કુલ ચાર આર્ટ ઇન્સ્ટોલેશન રજુ કરવામાં આવ્યા. જેમાં પણ શહેરમાંથી દર્શકોએ મોટી સંખ્યામાં મુલાકાત લીધી. વિદ્યાર્થીઓ સાથે અનેક કલા રસિકોએ પ્રશ્નોત્તરી પણ કરી. સર્જનના વિવિધ તબક્કાઓ,અનુભવો વિશે સંવાદના આયોજન પણ થયા.



તારીખ ૨૬, ૨૭, ૨૮ ફેબ્રુઆરી આપણી સંસ્થામાં એક 'નેચરલ ડાય' વર્કશોપનું આયોજન પણ હાથ ધરવામાં આવ્યું. જે માટે સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીની હાલ યુ.એસ.એ.થી આવેલ શ્રી મીનુ શુક્લાનું સૌજન્ય સાંપડ્યું હતું. જેમાં નેચરલ ડાય પદ્ધતિના જાણીતા કલાકાર પ્રવિણા મહિચાએ વિદ્યાર્થીઓને પરંપરાગત પદ્ધતિનું નિદર્શન પણ કર્યું. કુદરતમાંથી મળી આવતી વનસ્પતિઓ જેવી કે, મેરીગોલ્ડના ફૂલો, મંજિસ્ઠાના વૃક્ષમાંથી જાંબલી રંગ, ગળીમાંથી બ્લુ રંગ, કાટમાંથી કાળો રંગ મેળવવાની વિવિધ પદ્ધતિઓ દ્વારા બનાવી, અને કપડા ઉપર તેના દ્વારા ચિત્રો કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓને પ્રોસેસનું જ્ઞાન આપવામાં આવ્યું. સંસ્થાના લગભગ ૫૦ વિદ્યાર્થીઓએ કાપડ ઉપર ચિત્રો કર્યા.

**ગાયત્રી ત્રિવેદી**

અધ્યાપિકા, શેઠ ચી. ન. કોલેજ ઓફ ફાઈન આર્ટસ.

## પૂર્વ વિદ્યાર્થીની શેફાલી ચિંતન પરીખ દ્વારા છાત્રાલયમાં World Meditation Dayના દિવસે Stress Relief પર વર્કશોપનું આયોજન

શ્રીમતી શેફાલી ચિંતન પરીખ (પૂર્વ વિદ્યાર્થીની ૧૯૭૫ બેચ) દ્વારા તારીખ ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ ને રવિવારે World Meditation Dayના રોજ છાત્રાલયના ધોરણ ૧૦, ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે Heartfulness (HFN) સંસ્થા તરફથી Stress Relief (ચિંતા નિવારણ) વિષય ઉપર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શ્રી વેદકૌર પુનિયા અને શ્રી પ્રિયંકાબહેને સુંદર માર્ગદર્શન પૂરું પડ્યું.

- વિદ્યાર્થીઓ ક્યારે Stress (ચિંતા) નો અનુભવ કરે છે ? તેની ચર્ચા કરવામાં આવી. પરીક્ષા વખતે યાદ રાખવામા મુશ્કેલી, યાદ રાખવાની પદ્ધતિમાં ખાસ કરીને લખીને યાદ રાખવું વગેરે પ્રશ્નોતરીમાં જવાબો મળ્યા.

- Types of Stress , Biology of Stress , Mental Health , Meditation improves our Brain Functions વિશે વિસ્તાર પૂર્વક ચર્ચા કરવામાં આવી.
- મનુષ્યને રોજ ૭૦,૦૦૦ થી વધુ વિચારો આવે છે જેમાથી ૯૦% નકારાત્મક વિચારો જ્યારે ૧૦% જ સકારાત્મક વિચારો આવે છે.
- Meditation (ધ્યાન) કરવાથી ધીમે ધીમે આ અસર બદલાય છે અને ૯૦% સકારાત્મક વિચારો અને ૧૦% નકારાત્મક વિચારોમાં ફેરવાય છે જે જીવન ઉપયોગી બને છે.
- Attitude + Cheerful Acceptance = Transformation
- આ ઉપરાંત Relaxation, Meditation, Rejuvenation, Connect Within બાબતે ઉંડાણપૂર્વક વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યા.
- Good Stress અને Bad Stress. થોડી ચિંતા જરૂરી છે. જેથી જે કામ માટે ચિંતા હોય તે કામ પૂર્ણ થયા પછી કોઈ ચિંતા રહેતી નથી, અને ચિંતાની શરીરના સ્વાસ્થ્ય પર કોઈ ખરાબ અસર પડતી નથી.
- જો કોઈ પણ પ્રકારની ચિંતા લાંબા સમય સુધી રહે તો તે આપણાં શરીરના સ્વાસ્થ્ય પર માઠી અસરો ઊભી કરે છે,

ધોરણ ૧૦ અને ૧૨ ના વિધાર્થીઓની બોર્ડની પરીક્ષાઓ નજીક હોવાથી Stress (ચિંતા) વિશેનું માર્ગદર્શન જીવન ઉપયોગી અને અસરકારક રહ્યું.

**ચંદ્રભૂષણ પાસી**

ગૃહપતિ-શેઠ ચી.ન. કુમાર છાત્રાલય

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તા. ૨૮/૦૧/૨૦૨૬ ના રોજ ધોરણ-૯ ના વિદ્યાર્થીઓ માટે પ્રખરતા શોધ કસોટી(TST)નું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર ગુજરાતમાં લેવાયેલ આ પરીક્ષામાં મેરીટ ના આધારે પ્રથમ ૧૦૦૦ વિદ્યાર્થીઓની યાદીના વિદ્યાર્થીઓને સરકાર તરફથી સ્કોલરશીપ મળવાપાત્ર થશે. ધોરણ-૯ડની વિદ્યાર્થીની જાડાવાલા રિધ્ધિએ ૯૯.૭૭ પર્સેન્ટાઈલ રેન્ક મેળવેલ છે તેમજ ધોરણ ૯ડની શાહ આંગી એ પણ ૯૯.૨૦ પર્સન્ટાઈલ રેન્ક સાથે પ્રથમ ૧૦૦૦ માં સ્થાન મેળવેલ છે. તેઓની આ સિધ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન.

# ભાષા શિક્ષણ:ચિંતન બેઠક



NEP-2020ના ડ્રાફ્ટમાં બહુભાષી શિક્ષણને મહત્વ આપવાની વાત કરવામાં આવેલ છે. બાળકનું પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ થવું જોઈએ. માતૃભાષામાં શિક્ષણ મેળવવાથી બાળકનો માનસિક વિકાસ ખૂબ સારો અને ઝડપી થાય છે. અન્ય ભાષાઓ તેના અભ્યાસમાં ભારરૂપ બને છે. તેવા મંતવ્યો જોવા મળેલા છે. કહેવાય છે કે માનવચિત્તની ક્ષમતા બહુભાષી ક્ષમતા છે. આપણું મન એક કરતાં વધુ ભાષાની સંરચનાઓનું સંચાલન કરે છે. તો પછી માતૃભાષામાં અભ્યાસ કરવામાં પ્રશ્નો ક્યાં છે? ગુજરાતમાં ગુજરાતી માધ્યમની શાળાઓ, મહારાષ્ટ્રમાં મરાઠી માધ્યમની શાળાઓ આજે મૃતપાય અવસ્થામાં છે.

વાલીઓના પક્ષે વિચારીએ તો તેમનું માનવું છે કે ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતું બાળક સમય જતા પાછળ પડી જવાનો ડર રહે છે. સમયની માંગ પ્રમાણે આજે અંગ્રેજીનું ચલણ ખૂબજ વધેલ છે. બાળકો વિદેશમાં અભ્યાસ કરતા થયા, ઉચ્ચ શિક્ષણ મેળવતા થયા જે અંગ્રેજીમાંજ મળે છે. મેડિકલ, એન્જિનિયરિંગ, સંશોધનો, દેશ-વિદેશના રીતરિવાજો, કાયદા-કાનૂન સમજવા માટે આજે અંગ્રેજીનું મહત્વ ખૂબ વધી ગયેલ છે. તો આ પરિસ્થિતિમાં શું કરવું? વાલીઓની આ ચિંતા તથા ગુજરાતમાં જ ગુજરાતી ભાષાની અવગણના અંગે શેઠ ચી. ન. વિદ્યાવિહાર ખાતે લગભગ ૩૫ જેટલા શિક્ષણવિદોની હાજરીમાં માતૃભાષા શિક્ષણ પર ચિંતન બેઠકનું આયોજન કરવામાં આવેલ. જેમાં માતૃભાષાને વધુ મજબૂત બનાવી આપણી સંસ્કૃતિનું જતન કેવી રીતે થઈ શકે તેની વિસ્તૃત ચર્ચા વિચારણા થઈ.



આ ચર્ચા વિચારણાના અંતે કેટલાક મહત્વના સૂચનો મળ્યા. જેના કેટલાક અંશો અહીં રજૂ કરેલા છે.

૧. માતૃભાષામાં મેળવેલ શિક્ષણમાં ઝડપી સમજ વિકસે છે.
૨. ગુજરાતીના શબ્દોને માત્ર ભાષા તરીકે ન જોતા તેના અર્થને સમજવું જરૂરી છે.
૩. અંગ્રેજી માધ્યમમાં ભણેલ બાળકોને માતૃભાષા સમજવી અને બોલવી અઘરી પડે છે.
૪. ''માધ્યમ ગુજરાતી; ઉત્તમ અંગ્રેજી'' વિચારથી શાળાઓએ કાર્ય કરવું જોઈએ.
૫. પરંપરાગત વ્યાકરણની પદ્ધતિને બદલે રમતો/પ્રયોગોને આધારે ભાષા શીખવાડાય તો સારો લાભ મળશે.
૬. શિક્ષક તાલીમ, વિડીયો-ઓડિયોના માધ્યમથી શુદ્ધ ઉચ્ચારોનુ શ્રવણ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી.
૭. ગુજરાતીમાં ભણીએ પરંતુ અંગ્રેજી જરૂરી - ના વિચારો સાથે લાઈફ સ્કીલને મહત્વ આપી તેના સર્વાંગી વિકાસ તરફ કાર્ય કરવું જોઈએ.
૮. નક્કર આયોજન, વાર્તાઓ, વાંચન, વિશ્વ પોસ્ટ અને સાહિત્ય પરિષદ સાથેની પ્રવૃત્તિઓમાં જોડાવવાથી જ્ઞાન પ્રાપ્ત થશે.
૯. માતૃભાષા સાથે પ્રાદેશિક બોલીઓને પણ મહત્વ આપવું જોઈએ.
૧૦. NEP-2020 ના સૂચનોને ધ્યાને રાખી માતૃભાષાની સાથે બહુભાષી શિક્ષણને પણ મહત્વ આપવું જોઈએ.
૧૧. શાળાઓમાં ભાષા અપૂર્ણ રીતે ભણાવાય છે, તેના કારણે ભાષાઓ ભારરૂપ લાગે છે.
૧૨. ક્ષમતા કેન્દ્રીય અભ્યાસ કેવી રીતે આપી શકાય તેવું વિચારવું જોઈએ.
૧૩. પુસ્તકીયા શિક્ષણમાંથી બહાર આવવું જરૂરી છે.
૧૪. શિક્ષકોને અધ્યયન-પદ્ધતિઓની સઘન તાલીમ આપવી જોઈએ.
૧૫. વિદ્યાર્થીને વાંચન તરફ વાળી તેમાંથી પ્રશ્નો કરતો થાય અને શિક્ષક ઉત્તર આપે તેવો અભિગમ કેળવાય તેવા કાર્ય કરવા.
૧૬. વિશ્વના ઘણા દેશો દ્વિભાષી શિક્ષણ તરફ વળેલ છે. જેનાથી વિદ્યાર્થી સંસ્કૃતિના જતનની સાથે અન્ય સાહિત્યનો પણ સરળતાથી ઉપયોગ કરતો થાય.
૧૭. પ્રવૃત્તિઓ, વાર્તાઓ, કવિસંમેલન, મોનોલોક જેવી પ્રવૃત્તિઓ વધારવાથી ભાષા વધુ મજબૂત બનશે. ખરા અર્થમાં ગુજરાતી અને અન્ય ભાષાઓ પણ એકબીજાની પૂરક છે તેવી સમજ કેળવવી જરૂરી છે.

આ બેઠકમાં માતૃભાષાના શિક્ષણ અંગે ચિંતનની સાથે ચિંતા વધુ જોવા મળી. સાહિત્ય અને શિક્ષણ પ્રણાલીને આવકારતી રાષ્ટ્રવ્યાપી સંસ્થા બનવી જરૂરી છે. આવી બેઠકો સતત થતી રહે અને માતૃભાષાના માધ્યમથી સંસ્કૃતિનું જતન કરવામાં આપણું યોગદાન આપીએ તેવી અભ્યર્થના સાથે...



**ચિંતન બેઠક દરમ્યાન વિદ્યાવિહારની તાલીમી સંસ્થાના સલાહકાર શ્રી રતિલાલ બોરીસાગરને રાષ્ટ્રીય સન્માન 'પદ્મશ્રી'થી સન્માનિત થવા બદલ વિદ્યાવિહાર તરફથી તેમનું અભિવાદન કરવામાં આવ્યું.**

**હિતેન્દ્ર ત્રિવેદી**
નિયામક શેઠ સી.એન. વિદ્યાવિહાર (ગુજરાતી માધ્યમ શાળાઓ)

# શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર કુમાર-કન્યા છાત્રાલય,

## આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૬













## પ્રવેશ અંગેની વિગતો

શેઠ ચીમનલાલ નગીનદાસ દ્વારા ૧૯૦૮ થયેલ વસિયતનામાના આધારે વર્ષ ૧૯૧૨ માં શરુ થયેલ શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર, અમદાવાદમા ધોરણ ૬ થી ૧૨ ગુજરાતી માધ્યમની(GSEB) તેમજ ધોરણ ૫ થી ૧૨ની અંગ્રેજી માધ્યમ (CBSE)ની શાળાઓ આવેલી છે. આ સાથે બાળકોના સર્વાંગી અને બહુમુખી વ્યક્તિત્વ વિકાસ માટે પરિસરમાં અન્ય સંસ્થાઓ આવેલી છે.

**(૧) કમ્પ્યુટર સેન્ટર**
**(૨) સ્પોર્ટ્સ એકેડમી (વિવિધ રમતોની તાલીમ માટે )**
**(૩) અંગ્રેજી કેન્દ્ર**
**(૪) કલાનિકેતન (ગાયન, વાદન, નૃત્યની તાલીમ માટે )**
**(૫) વિદ્યાવિશેષ (અનુભવજન્ય શિક્ષણ માટે )**
**(૬) કાઉન્સેલિંગ સેન્ટર**
**(૭) રીડિંગ રુમ**
**(૮) પુસ્તકાલય**
**(૯) જૈન દેરાસર ( ધાર્મિક શિક્ષણની વ્યવસ્થા છે )**
**(૧૦) છાત્રાલયમાં દવાખાનાની સગવડ છે**
**(૧૧) વર્ષ દરમિયાન ધોરણ મુજબ વિશેષ વર્ગો**
**(૧૨) વેકેશન દરમિયાન શિક્ષણ શિબિર**

૧૧૪ વર્ષમાં છાત્રાલયમાં રહી શિક્ષણ અને સંસ્કાર મેળવી અનેક વિદ્યાર્થીઓ પોતાનું જીવન ઉજ્જ્વળ બનાવી ચૂક્યા છે .

### છાત્રાલયમાં પ્રવેશ માટેઃ-

(૧) રૂબરૂમાં પ્રવેશ ફોર્મ આપવામાં આવશે ફી રૂ. ૩૦/-
(૨) આપનું સરનામું લખેલ કવરમાં પ્રવેશ ફોર્મ ફીના રૂ. ૩૦/- અને કવર પર રૂ. ૧૦/-ની ટિકિટ લગાવીને પ્રવેશપત્ર મેળવી શકાશે.
(૩) છાત્રાલયમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી ગુજરાતી માધ્યમની શાળામાં સીધો પ્રવેશ મેળવે છે.
(૪) અગ્રેજી માધ્યમ માટે પ્રથમ શાળામાં પ્રવેશ મેળવવાનો રહે છે, ત્યાર બાદ જ છાત્રાલયમાં પ્રવેશ મેળવી શકાય છે .

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રવેશ માટે તા. ૨૩/૦૪/૨૦૨૬ સુધીમાં પ્રવેશ ફોર્મ ભરીને શેઠ ચી. ન. વિદ્યાવિહાર, આંબાવાડી, અમદાવાદ -૩૮૦ ૦૦૬ ના સરનામે મોકલવું .

**પ્રવેશ માટે જૈન વિદ્યાર્થીઓને વિશેષ પસંદગી આપવામાં આવશે .**
**મધ્યસ્થ કાર્યાલય સંપર્કઃ ૦૭૯ ૨૬૪૬૩૫૧૧, ૦૭૯ ૨૬૪૬૩૬૯૬**

**સંપર્ક નંબરઃ**
**શ્રી ઉષાબહેન - ૯૯૦૪૫૧૬૬૮૮**
**શ્રી ચંદ્રભૂષણભાઈ - ૯૮૯૮૨૪૬૦૦૪,**
**શ્રી મહેન્દ્રભાઈ - ૭૮૭૪૯૯૮૮૦૧**

# શેઠ ચી. ન. ડી. એલ. એડ. કોલેજ



૨૬ મી જાન્યુઆરી સંવિધાન જાગૃતિ કાર્યક્રમ



ઝોન કક્ષાના રમતોત્સવ શેઠ સી.એન. તાલીમી વિદ્યાલયની ટીમ



ઝોન કક્ષાના રમતોત્સવમાં દોડમાં પ્રથમ અધ્યાપિકા કિંજલબેન રાઠવા



ઝોન કક્ષાના રમતોત્સવમાં દોડમાં પ્રથમ તાલીમાર્થી જાનવી ચાવડા




ઝોન કક્ષાના રમતોત્સવ દોડમાં પ્રથમ તાલીમાર્થી ઝાલા સુરપાલ




ઝોન કક્ષાના રમતોત્સવ દોડમાં બીજાનબરે તાલીમાર્થી પગી મેહુલ




ઝોન કક્ષાના રમતોત્સવ યોગમાં પ્રથમ અધ્યાપશ્રી મીતેશભાઈ પટેલ

# વિદ્યાવિશેષ - વેકેશન બેચ

| બેચ | ધોરણ | તારીખ | સમય |
|---|---|---|---|
| ગુજરાતી માધ્યમ | 6 to 9 | 20-4-2026 to 16-5-2026 | 8:00 to 10:00 |
| અંગ્રેજી માધ્યમ | 6 to 9 | 23-3-2026 to 4-4-2026<br>and<br>4-5-2026 to 16-5-2026 | 8: to 10:00 |

**4-5-2026 થી 16-5-2026 વેકેશન દરમ્યાન**
**સવારે 8 to 10 & 10 to 12 બે બેચ ચાલશે.**
**વિદ્યાર્થીઓ કોઇપણ બેચમાં જોડાઇ શકશે.**

## વર્કશોપ

### (A) Science and Technology

• Kitchen Gardening • Health & Nutrition
• Machine Learning • Our physics connection
• All about microbes

### (B) ભાષા પ્રસ્તુતિ

• વાંચનથી મંચ પ્રસ્તુતિ • વિચારથી વર્ણન સુધી

**ફી : રૂા. 3500/-**

**સંપર્ક: 9913326964**

**SHETH C. N. ANGREJI KENDRA**

We prepare for Cambridge English Qualifications

# Cambridge ESOL examination, University of Cambridge

| SR.No. | Online Placement Test | |
|---|---|---|
| 1 | Date | 21/02/2026 (Saturday) |
| 2 | Last date for the registration | 19/02/2026 (Thursday) |
| 3 | Fees | Rs.100/- |
| 4 | Result | 26/02/2026 (Thursday) |

Examination forms for the students of standard 3rd *onwards* will be available at C.N. Angreji Kendra between 10:00 am - 04:00 pm. The students who have passed any Cambridge ESOL exams previously will get their forms from 2nd February 2026 onwards. Last date for submission of the forms is Monday, 23-03-2026.

## :: Details::

| Exams | Training begins | Training timings | Examination | Examination fee & Study Material |
|---|---|---|---|---|
| YLE – Starters | May 1 , 2026 | 08.00 am to 10.00 am | May 2026 (last week) | 5958 |
| YLE – Movers | May 1 , 2026 | 08.00 am to 10.00 am | May 2026 (last week) | 6196 |
| YLE – Flyers | May 1 , 2026 | 08.00 am to 10.00 am | May 2026 (last week) | 6407 |
| Main Suite - KET | May 1 , 2025 | 08.00 am to 10.00 am | May 2026 (last week) | 7132 |
| Main Suite - PET | May 1 , 2026 | 10.00 am to 12.30 pm | May 2026 (last week) | 8520 |
| Main Suite - FCE | May 1 , 2026 | 09.30 am to 12.30 pm | May 2026 (last week) | 10160 |

*Note: Fee once paid is Non-refundable under any circumstances *

## :: Special Note:

For these classes minimum 80% attendance will be required so parents are requested to plan their vacation programme keeping in mind the timings and the dates of the training programme. C.N. Vidyavihar students and other school or college students can take part in the Cambridge English Programme. For the registration, please bring a latest passport photo, a copy of Adhaar card and a photocopy of last year's certificate (if, you have any).

For more details contact: Sheth C.N.Angreji Kendra, Phone no.: 079- 26441473, M: 7874000309

तस्य भासा विभाति

# SHETH C. N. COMPUTER CENTRE

# Vacation Workshops

## May - 2026

SHETH C.N. VIDYAVIHAR, AMBAWADI, AHMEDABAD-6. Ph: 26420637, E-MAIL:cncc@cnvidyavihar.edu.in, Website: www.cnvidyavihar.edu.in

| No | Workshops Details | | Std. | Time | Fees Incl. 18% GST |
|---|---|---|---|---|---|
| 1 | **Computer Fun** | Learning with Creativity, Logic & Fun (1/5/2026 to 16/5/2026) | 1 To 4 | 8 To 9 or 9 to 10 | 1180/- |
| 2 | **My First Website** | Website creation using Publisher & GIF Animator (1/5/2026 to 16/5/2026) | 5 To 8 | 10 To 12 | 2360/- |
| 3 | **Std. - 10 "C" Language** | As per Std - 10 Computer Text Book (1/5/2026 to 16/5/2026) | 9 Pass | 8 To 10 or 11 to 1 | 1180/- |
| 4 | **Std. - 11 Linux & Synfig Studio** | As per Std - 11 Computer Text Book (1/5/2026 to 16/5/2026) | 10 Pass | 8 To 10 or 11 to 1 | 1180/- |
| 5 | **Std. - 12 "JAVA" Language** | As per Std - 12 Computer Text Book (1/5/2026 to 16/5/2026) | 11 Pass | 8 To 10 | 1180/- |
| 6 | **Image Editing in Adobe Photoshop** | Image Editing, Filters, Effects, Layouts, Text Effects and Graphics (1/5/2026 to 16/5/2026) | 8 To 12 | 8 to 10 | 2360/- |
| 7 | **Video Editing in Adobe Premiere** | Importing, Editing, Video Effects, Video Filters, Titling, Chroma, Background Audio, Synchronisation, Rendering Video and more. (1/5/2026 to 16/5/2026) | 8 To 12 | 11 To 1 | 2360/- |
| 8 | **MS-Office** | Word, Excel, Powerpoint and Internet **(16/4/2026 to 16/5/2026 - One Month)** | 10 Pass | 11 To 1 | 2360/- |

Note:- ✶ **Admission once taken cannot be cancelled.**
✶ Last Date for admission is 31-3-2026. ✶ Workshops duration is from 1-5-2026 to 16-5-2026 and 16-4-2026 to 16-5-2026 Monday to Saturday.
✶ For further details, please contact at Sheth C. N. Computer Centre during 10 to 5.
✶ **Please Submit a Photo ID copy of Student with Admission Form.**

**Students of Fine arts, D.El.Ed. and B.Ed. can get admission in Workshop No. 6, 7 and 8**